# શિયાળામાં આંબળા ખાવા મોંઘા

## આંબળાની આવક ઘટતા ભાવ વધ્યા : શહેરના બજારોમાં આંબળાનો એક કિલોનો ભાવ ૫૦ થી ૬૦ રૂપિયા







ગાંધીનગર, તા. ૨૯

શિયાળાની મોસમ શરૂ થઈ ચૂકી છે. ત્યારે બજારોમાં અઢળક લીલા શાકભાજી અને ફળોની પણ બોલબાલા છે. ત્યારે શિયાળામાં સૌથી વધુ ખવાતા આંબળાના ભાવ વધી ગયા છે. સિઝનલ ફળોના ભાવમાં વધારો થવાથી આંબળાની ખરીદી માટે લોકો પણ આનાકાની કરી રહ્યા છે. હાલમાં ૫૦ થી ૬૦ રૂપિયા કિલોના ભાવમાં આંબળાનું વેચાણ ચાલી રહ્યું છે. જ્યારે સિઝનલમાં આંબળાનો ભાવ ૨૦ થી ૩૦ રૂપિયા જેટલો જોવા મળતો હતો પરંતુ આ વર્ષે આંબળાની આવક ઓછી હોવાથી બજારોમાં હજી આંબળાની ખરીદીમાં જોર નથી. જો કે આંબળાના ભાવમાં વધારો હોવાથી પણ ખરીદીનો માહોલ ન બનવાનું કારણ હોઈ શકે. શિયાળામાં લોકો આંબળાની વિવિધ બનાવટો બનાવીને તેનું સેવન કરે છે. આંબળા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ગુણકારી મનાય છે. ગૃહિણીઓ આંબળાના ટુકડા કરીને તેમાં ગણપણ ઉમેરીને ચાસણીવાળા ગળ્યા આંબળા બનાવે છે. તેમજ હળદર-મીઠાવાળા પાણીમાં રાખીને દૈનિક એક-બે આંબળાનું સેવન કરવા માટે તૈયાર કરવામાં આવે છે. આંબળાને સૂકવીને તેનો પાવડર પણ બનાવવામાં આવે છે. આંબળાને લાંબા સમય માટે સાચવીને રાખી લોકો દૈનિક તેનું સેવન કરતા હોય છે. આયુર્વેદિકમાં આંબળાને ઔષધિય ગુણોમાં અગ્રેસર ગણવામાં આવેલ છે. નાના બાળકો માટે આંબળાનો મુરબ્બો બનાવવામાં આવે છે. આંબળાનો ઉપયોગ મુખવાસમાં પણ થાય છે. હવે તો આંબળાના ટુકડાનું પણ વેચાણ બજારોમાં જોવા મળી રહ્યુ છે. નોકરિયાત વર્ગ માટે સમય ન રહેતા તેઓ સૌથી વધુ બજારોમાંથી આંબળાના ટુકડાની ખરીદી કરવાનું પસંદ કરે છે. આંબળાના સેવનથી બ્લડ સુગરનું સ્તર નિયંત્રિત રહે છે. આંબળામાં વિપુલ પ્રમાણમાં ફાઈબર હોય છે. જે રક્ત પ્રવાહમાં સુગરનું અવશોષણ ધીમુ પાડે છે. જેથી બ્લડ સુગર લેવલ વધતુ નથી. આંબળાનો અર્ક આલ્ફા ગ્લુકોસિડેઝ અવરોધક હોય છે. મતલબ કે તે તમારા નાના આંતરડામાં વિશેષ એન્ઝાઈમ્સને પ્રતિબંધિત કરે છે. જેથી રક્ત પ્રવાહમાં સુગરનું સ્તર વધતું નથી. આંબળાનું સેવન કરવાથી હૃદયરોગનું જોખમ ઘટે છે. આંબળામાં એન્ટી ઓક્સિડેન્ટસ અને પોટેશિયમ જેવા અનેક પોષક તત્વો હોય છે. આંબળામાં વિટામીન-સી નો ખૂબ સારો સ્ત્રોત છે. તેથી શિયાળામાં તેનું સેવન અવશ્ય કરવું જોઈએ.

# ગાંધીનગરની જનતા આ વખતે એક મોકો "આપ"ને આપવા કટિબદ્ધ

## ગાંધીનગર શહેરના સેક્ટરો, નવા વિકસિત વિસ્તાર તથા ગ્રામ્ય વિસ્તારમાં પણ શ્રી મુકેશભાઈ પટેલને મતદારોનો મળી રહેલો અવિરત આવકાર





ગાંધીનગર, તા.૨૯

સમગ્ર ગુજરાતમાં આમ આદમી પાર્ટીના શ્રી અરવિંદ કેજરીવાલે પ્રસરાવેલી પરિવર્તનની લહેર ગાંધીનગર સુધી આવી પંહોચી છે. ગાંધીનગર શહેરના મુખ્ય વિસ્તારને આવરી લેતી ૩૬ ઉત્તર વિધાનસભા બેઠક પર આ વખતે પરિવર્તનની લહેર સ્પષ્ટ વર્તાઈ રહી છે.

ભ્રષ્ટાચારના ખદબદતા સમંદર જેવી બની ચૂકેલી ગુજરાત સરકાર અને ગાંધીનગર મહાનગરપાલિકાના ભાજપના ભ્રષ્ટ વહીવટથી જનતા ઉબાઈ ચૂકી છે જેના પગલે આ વખતે વિધાનસભાની ચૂંટણીઓમાં ૩૬ ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર શ્રી મુકેશભાઈ પટેલને "એક મોકો" આપીને જંગી બહુમતીથી જીતાડવા માટે પાટનગરની જનતા કટિબદ્ધ બની છે. ગઈ કાલે ગાંધીનગરમાં શ્રી મુકેશભાઈ પટેલની યોજાયેલી કાર રેલીમાં પ્રચંડ પ્રોત્સાહન પ્રતિભાવ પ્રાપ્ત થઈ રહ્યો છે.

આમ આદમી પાર્ટીના ઉમેદવાર શ્રી મુકેશભાઈ પટેલને શહેરના સેક્ટર, નવા વિકસિત વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ અવિરત આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના મતદારો ખૂબ વિચારશીલ મતદાર છે અને તેમણે મન બનાવી લીધું છે. આ બેઠક પરના હાલના કોંગ્રેસના સીટિંગ ધારાસભ્યની નબળી અને તદ્દન અપેક્ષિત કામગીરીના પગલે તેઓ સ્થાનિક જનતાનો વિશ્વાસ ગુમાવી ચૂક્યા છે અને તે સાથે તેમની ભાજપ સાથે મિલી ભગતને નાગરિકો સમજી ચૂક્યાં હોવાથી આ વખતે તેમને બેઠક બદલવાની ફરજ પડી છે. ગુજરાતમાં ૨૭ વર્ષના કુઃશાસન અને વ્યાપક ભ્રષ્ટાચારી રાજમાંથી મુક્તિ મેળવવા પરિવર્તન માટે આતુર સામાન્ય માનવીને ક્રાંતિકારી 'ઝાડુ'નો સાથ પ્રાપ્ત થઈ ચૂક્યો છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક શ્રી અરવિંદ કેજરીવાલજીના વિઝનરી નેતૃત્વ હેઠળ હવે સમગ્ર ગુજરાત સહિત ગાંધીનગર પણ છે ભ્રષ્ટાચાર વિરુદ્ધ, ગાંધીનગર પણ છે મોંઘવારી વિરુદ્ધ. ગાંધીનગર હવે થશે ફકત કામની રાજનીતિ કેમકે અત્યાર સુધી તો હતા ભાજપ-કોંગ્રેસ ભાઈ ભાઈ, ભેગા મળી મલાઈ ખાઈ. ભાજપ કોંગ્રેસની મીલીભગતથી ચાલતી સરકારનો અંત લાવી ગુજરાતમાં ઈમાનદાર સરકાર બનાવવા એક મોકો કેજરીવાલને, એક મોકો શ્રી મુકેશભાઈ પટેલને આપવા ૩૬ ગાંધીનગર ઉત્તર બેઠક વિસ્તારની તમામ જનતા સંકલ્પબદ્ધ બની છે.

## સ્વામિ વિવેકાનંદ વિદ્યાવિહાર ખાતે બંધારણ દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૯

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગરના ઉપક્રમે સેક્ટર-૧૨, ગાંધીનગર સ્થિત સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર ખાતે બંધારણ દિન ૨૬ નવેમ્બર-૨૦૨૨ નિમિત્તે આચાર્ય, શિક્ષકગણ અને સમગ્ર વિદ્યાર્થી પરિવાર દ્વારા ઉજવણી કરવામાં આવી હતી અને આ ઉજવણી નિમિત્તે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૭ વિદ્યાર્થી સ્પર્ધકોએ ઉત્સાહપૂર્ણ ચીત્રો દોરી ભાગ લીધો હતો. તે ઉપરાંત ડિસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ કોર્ટના પેરાલીગલ વૉલન્ટીયર શ્રીમતિ જિગીશાબેન ઉપાધ્યાય દ્વારા શાળાના લગભગ ૫૦ વિદ્યાર્થીઓ સમક્ષ ભારતના બંધારણ અંગેની જાણકારી આપી અને બંધારણના આમુખનું પઠન-સમુહમાં કરાવેલ હતુ.

આ સમગ્ર કાર્યક્રમમાં શાળા આચાર્ય ભાવેશભાઈ જાનીનો ખાસ સહયોગ અને ઉપસ્થિતી રહેલ હતી. તેમજ શાળા શિક્ષકો સોનલબેન પટેલ, શ્રદ્ધાબેન પટેલ અને રચિતભાઈ પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# કલોલ બેઠક પર બળદેવજી ઠાકોરની મજબૂત પકડથી હરીફોને પરસેવો



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પૈકી જે બે બેઠકો કોંગ્રેસ પાસે હતી તેમાં એક ગાંધીનગર ઉત્તર અને બીજી કલોલની બેઠક છે અને આ બંને બેઠકો માટે અત્યારે કસોકસનો જંગ ચાલી રહ્યો છે. ગાંધીનગર ઉત્તર બેઠક પરથી સિટિંગ ધારાસભ્ય ડો. સી. જે. ચાવડાએ આ વખતે પોતાની બેઠક બદલીને વિજાપુર બેઠક પરથી ચૂંટણી જંગમાં જમવા આવી છે પરંતુ કલોલની બેઠક પર બળદેવજી ઠાકોરને ફરી એકવાર રીપીટ કરવામાં આવ્યાં છે. આ વખતે પણ બળદેવજી ઠાકોર મજબૂત પ્રચાર કાર્ય થકી હરીફોને પરસેવો છોડાવી રહ્યા છે. તેમની ચૂંટણી સભામાં ગ્રામીણ તેમજ શહેરી જનતા મોટી ભીડ જમાવી રહી છે. છેલ્લા બે દિવસ દરમિયાન કલોલ તાલુકાના હાજીપુર (કપ્તાનપુર), પાનસર, મોટી ભોયણ તેમજ કલોલના જ ગાયનો ટેકરો, મોટો ઠાકોર વાસ જેવા વિસ્તારોમાં યોજાયેલી તેમની ચૂંટણી સભામાં ઉમટી પડેલી જનમેદની આ વખતે પણ તેમની જીતના એંધાણ આપી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લી ત્રણ ટર્મમાં એકવાર કડી અને બે વાર કલોલથી ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા બળદેવજી ઠાકોર કલોલ શહેરની મધ્યમ વર્ગીય અને ગરીબ જનતામાં સારી એવી પકડ ધરાવે છે તેમજ ઠાકોર સમાજમાં પણ લોકપ્રિય અગાહી તરીકે સ્થાન ધરાવે છે. આ સાથે કડી કલોલ પંથકના ગ્રામ્ય વિસ્તારમાં પણ બળદેવજી ઠાકોર તેમના જનહિતના કાર્યો થકી ઘણા લોકપ્રિય છે. આ વખતે તેમણે પોતાના મત વિસ્તારમાં મતદારોને આ ચૂંટણી ન્યાય-સત્ય અને પરીવર્તનની લડાઈ હોવાનું જણાવી તેમનું સમર્થન માંગી રહ્યા છે જે માટે જનતાનો તેમને પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

# આજે નંદા સાતમનું વ્રત

## સૂર્યદેવની પૂજા કરવાથી આ વ્રત સફળ રહે છે



ગાંધીનગર, તા. ૨૯

બુધવારે ૩૦મી તારીખે નંદા સાતમનું વ્રત કરવામાં આવશે. માગશર મહિનાના સુદ પક્ષની સાતમ હોવાથી નારદ પુરાણમાં આ દિવસે સૂર્ય માટે 'મિત્રવ્રત' કરવાનું વિધાન ઉલ્લેખવામાં આવ્યું છે. આ તિથિએ ઉગતા સૂર્યને જળ ચઢાવવાની સાથે આખો દિવસ વ્રત રાખીને ગરીબોને દાન કરવું જોઈએ. આમ કરવાથી ઉંમર વધે છે અને બીમારીમાંથી મુક્તિ મળે છે.

દરેક પ્રકારના દોષ પણ દૂર થાય છે. નારદ પુરાણમાં ઉલ્લેખવામાં આવ્યું છે કે કશ્યપ ઋષિના તેજ અને અદિતિના ગર્ભમાંથી મિત્ર નામના સૂર્ય પ્રકટ થયાં જે હકીકતમાં ભગવાન વિષ્ણુની જમણી આંખની શક્તિ હતી. એટલે આ તિથિએ શાસ્ત્રોક્ત વિધિથી તેમનુ પૂજન કરવુ જોઈએ.

# ગુજરાત યુનિવર્સીટીના પત્રકારત્વના વિદ્યાર્થીઓ દ્વારા મોક વિધાનસભા યોજાઈ



ગાંધીનગર,તા.૨૯

ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગ દ્વારા મોક વિધાનસભાનું આયોજન કરાયુ હતુ. માસ્ટર ઓફ માસ કોમ્યુનિકેશન અને જર્નાલિઝમના વિદ્યાર્થીઓએ તાદ્રશ વિધાનસભાનું ચિત્રણ રજૂ કર્યુ હતુ. વિદ્યાર્થીઓએ સ્પીકર, મુખ્યમંત્રી, ઉપમુખ્યમંત્રી, વિપક્ષના નેતા સહિતના પાત્રો દ્વારા જીવંત વિધાનસભા રજૂ કરી હતી. પ્રશ્નકાળ દ્વારા વિદ્યાર્થીઓએ ધારાસભ્ય બની પ્રશ્નો રજૂ કર્યા હતા. આ મોક વિધાનસભામાં મુખ્ય મહેમાન તરીકે

રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ પી. કે. લહેરી હાજર રહ્યા હતા.

પી. કે. લહેરી દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી સંસદીય પરંપરાથી વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા.



રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંગ ગાંધીનગર જિલ્લા દ્વારા વિવિધ સ્ટીકર અને પેમ્પ્લેટ દ્વારા મતદાન જાગૃતિ અંગે નમ્ર પ્રયાસ કરાયો હતો

# વલાદ બ્રિજ પાસેથી ફોર્ડ ફીગો કારમાંથી ૮૧૬ લીટર દેશી દારૂ ઝડપાયો




ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાના વલાદ બ્રિજ પાસેથી ફોર્ડ ગાડીમાંથી ૨૪ કટ્ટા ભરીને લઈ જતા બુટલેગરને ડભોડા પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે ૮૧૬ લીટર દેશીદારુ તેમજ કાર મળી કુલ ૧.૬૩ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજયમાં વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી દારૂ-જુગારની બદીને દુર કરી આ પ્રવૃતિઓ સાથે સંકળાયેલા શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે સુચના મળતા ડભોડા પોલીસ મથકના પીએસઆઈ અનિલ વછેટા સ્ટાફના જવાનો સાથે પેટ્રોલીંગ કરી રહ્યા હતા.તે સમયે બાતમી મળી હતી કે ગાડી નં. જી.જે.૦૧.કે.એફ.-૨૫૬૧ માં દેશી દારૂનો જથ્થો ભરી મોટા ચિલોડા તરફથી નાના ચિલોડા તરફ આવનાર છે. જેથી વલાદ ગામના બ્રિજ પર પોલીસે વોચ ગોઠવી દીધી હતી.જયારે બાતમીવાળી ગાડી આવતા વાહનોની આડશ કરી પોલીસે ગાડી રોકી પાડી હતી.

જયારે પોલીસે ગાડીના ચાલકને પકડી પાડી નામ પુછતા તેણે અનુપસિંહ દલપતસિંહ સિસોદીયા (રહે.હંસપુરા મહાદેવજી મંદિર પાસે અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે ગાડીની અંદર તપાસ કરતા તેમાંથી દેશી દારૂના ૨૪ કટ્ટા મળી આવ્યા હતા.

આ દેશીદારૂનો જથ્થા વિશે ડ્રાઈવરને પુછપરછ કરતા તલોદ ખાતેથી શની નામના શખ્સ પાસેથી લાવી અમદાવાદ પોતાના માટે વેચાણ માટે લઈ જતો હોવાની કબુલાત કરી હતી. જેથી પોલીસે દેશી દારૂ ૮૧૬ લીટર, ફોર્ડ ફીગો કાર, મળી કુલ રૂ.૧.૬૩ લાખનો મુદામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

### ડીજીપી આશીષ ભાટિયાની સૂચનાથી

# સમગ્ર રાજયમાં નાસતા ફરતા આરોપીઓને પકડી જેલ હવાલે કર્યા

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી-૨૦૨૨ને ધ્યાનમાં રાખી રાજ્યમાં આદર્શ આચારસંહિતાનો ચુસ્ત અને અસરકારક અમલ થાય અને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે રાજ્યમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ ડીજીપી આશીષ ભાટિયા દ્વારા રાજ્યના તમામ એકમોના પોલીસ અધિકારીઓને કડક સૂચના આપવામાં આવી છે. ઘણી વખતે ગુનો કર્યા બાદ આરોપીઓ નાસી જતાં હોય છે અને લાંબા સમય સુધી પોલીસ પકડથી દૂર રહે છે. આવા આરોપીઓને જો સત્વરે શોધીને જેલહવાલે ન કરવામાં આવે તો ઘણી વખત તેઓ ફરી વખત અન્ય ગુનાઓ કરે તેવી શક્યતા રહેલી હોય છે. જેથી આવા આરોપીઓને શોધવા જરૂરી હોય છે. ખાસ કરીને જે આરોપીઓ ગુજરાત રાજ્યને અડીને આવેલા રાજસ્થાન, મધ્યપ્રદેશ કે મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં ભાગી ગયા છે, તેવા આરોપીઓને ત્યાંની સ્થાનિક પોલીસની મદદ લઈને શોધી કાઢવા ખાસ એકશન પ્લાન બનાવી કાર્યવાહી કરવા માટે ગુજરાતના સરહદી જિલ્લાઓના રેન્જ વડાઓને જરૂરી સુચના કરવામાં આવેલ છે.

રાજ્ય પોલીસ વડા આશીષ ભાટીયા દ્વારા વિધાનસભા ચૂંટણી અનુસંધાને હાલમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા બાબતને ગંભીરતાથી લઈને, આવા આરોપીઓને પકડી પાડવાની કામગીરી તાત્કાલિક સતેજ કરવા તમામ પોલીસ એકમોના વડાને સૂચના આપવામાં આવી હતી. આ અનુસંધાને રાજ્યભરમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા એક માસમાં સ્પેશ્યલ ડ્રાઈવ રાખી જેમાં ખાસ કરીને ખૂન, ખૂનની કોશિષ, ખંડણી, લૂંટ, સમાજમાં ભય, આંતકનો માહોલ ઉભો કરનાર તથા શરીર સંબંધી ગંભીર પ્રકારના ગુનામાં સંડોવાયેલા તથા પેરોલ/ફર્લો/વચગાળાના જામીન/પોલીસ જાપ્તાના ફરાર થયેલ આરોપીઓને પકડવા પર ખાસ ધ્યાન કેન્દ્રીત કરી છેલ્લા એક માસમાં કુલ-૬૫૮ નાસતા ફરતા આરોપીઓને પકડીને તમામને જેલ હવાલે કરવામાં આવેલ છે.